અપીલ અરજી નં.૧૦૦ તા.૮–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી

સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા.ર–૬–૦૯ ની અરજીથી નવા ગામ ડીંડોલી વિસ્તારની ચેતનનગર, મણીનગર,ગણેશનગર, સાંઈનાથ સોસા., દીપકનગર, શ્રીનાથનગર, કૈલાસનગર શીવસાંઈનગર, ભરતનગર તથા અન્યાન્સ નગરોમાં જુન ૨૦૦૮ થી મે ૨૦૦૯ ના મધ્ય સુધી પાણી અને ડ્રેનેજના જોડાણોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૦/૨૦૦૯–૧૦

શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા.ર–૬–૦૯ ની અરજીથી નવા ગામ ડીંડોલી વિસ્તારની ચેતનનગર, મણીનગર, ગણેશનગર, સાંઈનાથ સોસા.,દીપકનગર, શ્રીનાથનગર, કૈલાસનગર શીવસાંઈનગર, ભરતનગર તથા અન્યાન્સ નગરોમાં જુન ૨૦૦૮ થી મે ૨૦૦૯ ના મધ્ય સુધી પાણી અને ડ્રેનેજના જોડાણોની માહિતી આપવા બાબતે નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૧૫ તા.ર–૭–૦૯ થી મળેલ માહિતી તદ્દન ખોટી હકીકત જણાવી ખોટો જવાબ આપેલ છે તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોં ચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૫ તા.૧૭–૭–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને ખોટી માહિતી અને ખોટા જવાબના દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/આ.નં.૧૩૫૮ તા.૨૮–૭–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે દાવાના સમર્થનમાં કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.ર–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ નવા ગામ ડીંડોલી વિસ્તારની ચેતનગર, મણીનગર, ગણેશનગર, સાંઈનાથ સોસા.,દીપકનગર, શ્રીનાથનગર, કૈલાસનગર શીવસાંઈનગર, ભરતનગર તથા અન્યાન્સ નગરોમાં જુન ૨૦૦૮ થી મે ૨૦૦૯ ના મધ્ય સુધી પાણી અને ડ્રેનેજના જોડાણોની માહિતી માંગવામાં આવેલ. જે અં ગે જાહેર માહિતી અધિકારીએ સદર ગાળા દરમ્યાન કોઈ ગેરકાયદેસર પાણીના તથા ડ્રેનેજના કનેકશન થયા હોવાનું ધ્યાને આવેલ નથી તેવું જણાવી ચેતનનગરમા ર૬ મણીનગરમાં –૧૧ દિપકનગરમાં –૧૦ તથા શ્રીનાથનગરમાં–૫, ભારતનગરમાં–રર, ડ્રેનેજ કચેરીની માહિતી પત્ર નં.૧૦૧૫ તા.ર–૭–૦૯ થી અરજદારને આપેલ. જયારે મુદ્દા નં.ર અંગે ૫૮ ફ્રી કનેકશનની માહિતી પણ કુલ ખર્ચની વિગત સહિત જણાવેલતેવી રીતે પાણીની લાઈનના ફ્લ્સીંગ પહેલા કે પછીના કનેકશનની વિગત પણ અરજદારને આપવામાં આવેલ જણાય છે. જેમાં અરજદારે અપીલમાં તે ખોટી રીતે જણાવેલ છે તેવી રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે અપીલ અરજીમાં મંજુર થયેલ કનેકશનના પૈસાની રસીદ ની માહિતી આપેલ નથી.તેવી પણ રજૂઆત કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીના સાઈ.ઝોન/મહેકમ/૧ ૩૫૩ તા.૨૮–૭–૦૯ થી પત્રક–૧ થી પાણી કનેકશનના ચેતન નગરના–૯૧ કનેકશન શીવસાંઈનગરના–૨૧ કનેકશન, મણીનગરના–૩૩ કનેકશન તથા ભારતનગરના–૧ કનેકશન અને કેશવનગરનું–૧ કનેકશનની પ્લોટ નંબર રસીદ નંબર સહિતની માહિતી પત્રક–૧ ધ્વારા ડ્રેનેજના ચેતનનગરના–૨૬, દિપકનગરના–૧૦,શ્રીનાથનગરના–૫, ભારતનગરના–૨૨, મણીનગરના–૧૧ કનેકશનોની પ્લોટ નંબર રસીદ નંબરની માહિતી પત્રક–ર થી તથા ડ્રેનેજ ફ્રી કનેકશન ગોરધનનગર,ઉમિયાનગર, મોદી એસ્ટેટ સરસ્વતીનગર,સાંઈબાબાનગર રામદેવનગર, ચેતનનગર, હળપતીવાસના કુલ્લે ૫૮ પ્લોટ નંબર તથા પ્રતિ કનેકશન ખર્ચની વિગતો પૂરી પાડવામાં આવેલ છે અને જે મળ્યા અંગે અરજદારની પહોંચ પણ રજૂ કરેલ છે. જે પૂરક વિગતોમાં માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.ર સદર સમયગાળા દરમ્યાન તેટલા સમયનો કેટલો ખર્ચ થયેલો છે અને પ્રતિ કનેકશન કેટલો ખર્ચ આવે તેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર સમય ગાળામાં કનેકશન પાણીના કોઈ ફી કનેકશન આપવામાં આવેલા નથી તથા ડ્રેનેજના કુલ્લે ૫૮ ફી કનેકશન આપવામાં આવેલ છે જેનો કુલ્લે ખર્ચો રૂા.૧,૪૪,૯૨૩–૦૫ પૈસા નો ખર્ચ થયેલ છે સરેરાશ અંદાજે રૂા.૨૫૦૦/– પ્રતિ ખર્ચ કનેકશન થવા જાય છે. તેવી માહિતી તથા મુદ્દા નં.–૩ ચેતનનગરમાં ફલશીંગ થયા પહેલા કેટલા કનેકશનો હતાં તેની જાણકારી રસીદ નંબર તથા પ્લોટ નંબર સહિત માંગવામાં આવેલ. જેમાં કાયદેસર અને ગેરકાયદેસર કનેકશનોની માંગણી કરવામાં આવેલ અને તેની પ્ર માણિત નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ચેતનનગર વસાહતમાં પ્લોટ નં.૨૨૭,૨૨૮ અને ૨૫૫ માં ગેરકાયદેસર પાણી કનેકશન હોવાનું ધ્યાને આવેલ. જે તા.૨૯–૫–૦૯ ના રોજ દુર કરવામાં આવેલ. હોવાની માહિતી આપી પાણી લાઈનના ફ્લ્સીંગ થયા પહેલા આ સિવાય કોઈ કનેકશન કરવામાં આવેલ નથી. ચેતનનગરમાં પાણીની લાઈન ફલશીંગ થયા બાદ આજ દિન સુધી કુલ ૧૧૬ પાણી કનેકશન મંજુર કરવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે મંજુર થયેલ કનેકશન પ્લોટ નંબર તથા રસીદ નંબર જણાવેલ નથી તેવી રજૂઆત કરેલ. જે સામે અપીલની કાર્યવાહી દરમ્યાન તા.૨૮–૭–૦૯ ના પત્રથી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બે તબકકાના પત્રોથી માંગેલ માહિતી પૂરી પાડેલ જણાય છે. વધુમાં અરજદાર ગેરકાયેસર પાણીનું કનેકશન હાલમાં પણ ચાલુ છે તે બંધ કરાવવા અપીલ તબકકે રજૂઆત કરેલ છે. જે કાર્યવાહીને લગતી અને મુળ અરજીથી અલાયદી માહિતી અપીલ તબકકે માંગેલ છે.

**_હુકમ_**

**અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડેલ હોઈ અપીલ અરજી બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.**

**અરજદારે અપીલ તબકકે કરેલ કાર્યવાહીને લગતી અલાયદી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.**

નં.આરટીઆઈસેલ/
તારીખ : –પ – ૦૯

ડે.**_કમિશનર(જનરલ),_**
અ**_ને એપેલેટ ઓફિસર_**
**_સુરત મહાનગર પાલિકા_**

**_પ્રતિ_**

(૧) એડીશનલ સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) પ્રમુખ મહારાણા પ્રતાપ સેના